For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# 4538 સુરતીઓ IPL ફાઈનલ જોવા જશે

**સુરતમાં** અનેક સ્થળે બિગ સ્ક્રીન સાથે હાઈ-ક્વોલિટી મ્યુઝિક સિસ્ટમ પણ ગોઠવવામાં આવી છે

સુરતઃ આઈપીએલ 2026ની ફાઇનલમાં ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારા હાઈ-વોલ્ટેજ મુકાબલાને લઈને સુરત શહેરમાં ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુરતમાંથી આઇપીએલની ફાયનલ માટે 4538 ટિકિટ બુક કરવામાં આવી છે. આઇપીએલની ટિકિટ માટે 2,72,867 સર્ચ કર્યું હોવાનું સાયબર એક્સપર્ટ મીત શાહે જણાવ્યું હતું. તો બીજી તરફ સુરતમાં લોકો પરિવાર અને મિત્રો સાથે મેચનો આનંદ માણી શકે તે માટે શહેરના વિવિધ વિસ્તારોમાં એલઈડી બિગ સ્ક્રીનો લગાવવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

શહેરના ક્લબ હાઉસ, રેસ્ટોરન્ટ, કાફે, મોલ્સ તેમજ વિવિધ રહેણાંક સોસાયટીઓ અને શેરી-મોહલ્લાઓમાં એકસાથે મેચ નિહાળવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

...અનુસંધાન પાના 7 પર



### સુરત સિટી જીમખાના અને ટેનિસ ક્લબમાં ખાસ વ્યવસ્થા

શહેરના જાણીતા ટેનિસ ક્લબ તથા સુરત સિટી જીમખાનામાં સભ્યો માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. રેસ્ટોરન્ટમાં તથા સ્વિમિંગ પુલ એરિયા નજીક વિશાળ એલઈડી સ્ક્રીન પર મેચનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. ઉપરાંત જીમખાનાના રેસ્ટોરન્ટ વિભાગમાં પણ મેચ નિહાળવા માટે અલગ સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી છે. સભ્યો માટે નાસ્તા, ઠંડા પીણાં અને અન્ય સુવિધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## IPL ફાઈનલની ટિકિટો કાળાબજારમાં વેચતા 5 ગઠિયા ઝડપાયા

**3,૫૦૦ની** કિંમતની ટિકિટ ૧૦,૦૦૦ અને ૧૫,૦૦૦માં વેચાતી હતી

અમદાવાદ : અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આવેલા મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આવતીકાલે ૩૧મી મેના રોજ યોજાનારી IPL 2026ની ફાઇનલ મેચ પહેલાં ટિકિટોનું કાળાબજાર કરતાં બે અલગ-અલગ નેટવર્કનો પર્દાફાશ થયો છે. જેમાં શહેરની ચાંદખેડા પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચે જુદા-જુદા વિસ્તારોમાં દરોડા પાડીને કુલ ૫ શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી ફાઇનલ મેચની ટિકિટો તેમજ સ્માર્ટફોન જપ્ત કર્યા છે.

આ અંગે મળતી માહિતી મુજબ શહેના ચાંદખેડા પોલીસની સર્વેલન્સ ટીમને ૨૯મી મેના રોજ ચોક્કસ બાતમી મળી હતી કે ન્યૂ CG રોડ પર કેટલાક ઈસમો ક્રિકેટ રસિકોને આઇપીએલ ફાઇનલની ટિકિટો કાળાબજારમાં વેચી રહ્યા છે, જેના આધારે દરોડો પાડી ત્યાંથી મૂળ રાજસ્થાનના અને હાલ અમદાવાદમાં રહેતા ૨૧ વર્ષીય ઇશાન ભટ્ટ અને ૨૧ વર્ષીય નિર્મલકુમારની ધરપકડ કરી તેમની પાસેથી IPL ફાઇનલની બે ટિકિટ જપ્ત કરી હતી.

આ ટીકીટોની સત્તાવાર કિંમત 3,૫૦૦ રૂપિયા હતી, પરંતુ તેઓ ગ્રાહકો પાસેથી પ્રતિ ટિકિટ ૧૫,૦૦૦ રૂપિયા એટલે કે મૂળ

...અનુસંધાન પાના 7 પર

### આઈપીએલના સટ્ટા બજારમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ફેવરિટ

આઈપીએલ 2026ની ફાઇનલ પૂર્વે સટ્ટા બજારમાં પણ ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. બજારના સૂત્રોના જણાવ્યા મુજબ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ઉપર વધુ દાવ લાગી રહ્યા છે. ટીમની સતત જીતના કારણે સટોડિયાઓનો ઝુકાવ બેંગલુરુ તરફ વધુ જોવા મળી રહ્યો છે. ગુજરાત ટાઈટન્સ પણ મજબૂત ટીમ હોવાથી મુકાબલો એકતરફી રહેવાની શક્યતા ઓછી માનવામાં આવે છે. ક્રિકેટ વિશ્લેષકોના મતે બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર થવાની સંભાવના છે.

...અનુસંધાન પાના 7 પર

### આઇપીએલની ટિકિટ માટે સર્ચ અને બુકિંગ

| અમદાવાદ | | સુરત | | વડોદરા | |
|---|---|---|---|---|---|
| સર્ચ | બુકિંગ | સર્ચ | બુકિંગ | સર્ચ | બુકિંગ |
| 6,92,426 | 8,872 | 2,72,847 | 4538 | 61,210 | 342 |

# સુરત પોલીસ ઊંઘતી રહી અને SMCએ સટ્ટો ઝડપી પાડ્યો

**કતારગામમાંથી** બે બુકીને ઊંચકી લીધા પાટણના મુખ્ય બુકી ગૌરવ ઠક્કરનું નામ ખૂલતા વોન્ટેડ જાહેર કરાયો

**સુરતમાં** મહારાજ, કાનો, ગજું અને મનોજે IPLમાં રૂ.૫,૦૦૦ કરોડનું આંધણ કર્યું; સ્થાનિક પોલીસે માત્ર ૨-3 કેસ કરી સંતોષ માન્યો

સુરતઃ ચાલુ વર્ષે રમાઈ રહેલી આઈપીએલ (IPL) ક્રિકેટ લીગ મેચોની આડમાં સુરત શહેરમાં ઓનલાઈન સટ્ટા બેટિંગનું મસમોટું આંતરરાષ્ટ્રીય નેટવર્ક ધમધમી રહ્યું છે. સુરતમાં સક્રિય મહારાજ, કાનો, ગજું અને મનોજ જેવા કુખ્યાત સટ્ટા કિંગોએ ચાલુ આઈપીએલ સીઝન દરમિયાન અંદાજે રૂ. ૫,૦૦૦ કરોડનો અધધ... કાળો કારોબાર ખેલી નાખ્યો હોવાની ચોંકાવનારી વિગતો સૂત્રો તરફથી મળી રહી છે. આટલું મોટું નેટવર્ક આંખ સામે ચાલતું હોવા છતાં, સુરત પોલીસે સમગ્ર સીઝન દરમિયાન માત્ર દેખાવ ખાતર બે-ત્રણ નાના કેસ કરીને સંતોષ માની લીધો હતો અને આ આંતરરાજ્ય બુકીઓ સામે આંખ આડા કાન કર્યા હતા. પરંતુ આઈપીએલની ફાઇનલ મેચ નજીક છે ત્યારે જ ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) અને સ્થાનિક પોલીસે કતારગામ તથા સીંગણપોર કોઝવે રોડ પર ત્રાટકીને લાખોનો સટ્ટો રમાડતા બે બુકીઓને લેપટોપ, પ્રીમિયમ મોબાઈલ ફોન અને બેંકિંગ આઈડી સહિતના મુદ્દામાલ સાથે દબોચી લેતા સ્થાનિક પોલીસની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

### રાધે પાન સેન્ટર પાસે બોલ-ટુ-બોલ’ સેશન ચાલતું હતું

**કેસ ૧** કતારગામ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ગજેરા સર્કલ નજીક, લક્ષ્મી એન્ક્લેવ-૦૨ની સામે આવેલી અક્ષરકુંજ સોસાયટી પાસે ‘રાધે પાન એન્ડ ટી સેન્ટર’ નજીક એક ઈસમ જાહેરમાં મોબાઈલ પર આઈપીએલનો સટ્ટો રમાડે છે. પોલીસે દરોડો પાડી પૂજન નિલેશભાઈ સોનાણી (ઉં.વ. ૨૦, રહે. વૈકુંઠધામ સોસાયટી, કતારગામ)ને ઝડપી લીધો હતો. પૂજન તેના મોબાઈલમાં ‘arham777.com’ નામની વેબસાઈટ પર લોગઈન આઈડી ‘Pujju89’ મારફતે રાજસ્થાન રોયલ્સ

...અનુસંધાન પાના 7 પર

### શરણમ એલીગન્સ ફ્લેટના ચોથા માળે SMCનો દરોડો

**કેસ 2** બીજી તરફ, ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ના પીઆઈ એમ.કે. માલવિયાની ટીમને ચોક્કસ બાતમી મળતા, તેઓએ સ્પેશિયલ સર્ચ વોરંટ મેળવી સીંગણપોર કોઝવે રોડ પર આવેલા ‘શરણમ એલીગન્સ’ ફ્લેટના મકાન નંબર ૪૦૨ માં મોડી રાત્રે દરોડો પાડ્યો હતો. જ્યાં બેડરૂમમાં બેસીને લેપટોપ અને મોંઘા ફોન પર સોદા ફિક્સ કરી રહેલો નીરજ ગણપતભાઈ ચૌહાણ (ઉં.વ. 33, મૂળ રહે. સણવાલ, જી. વાવ-થરાદ) રંગેહાથ પકડાઇ ગયો હતો. SMC એ તેની પાસેથી લેપટોપ અને ડેબિટ કાર્ડ સહિત રૂ. ૫૨,૦૬૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### પાટણના મુખ્ય બુકી ગૌરવ ઉર્ફે ગટી ઠક્કરનું નામ ખૂલ્યું

પકડાયેલા આરોપી નીરજ ચૌહાણની આગવી ઢબે પૂછપરછ કરાતા તેણે કબૂલાત કરી હતી કે, આ ઓનલાઈન સટ્ટાના માસ્ટર આઈડી અને કસ્ટમર લાઈન તેણે પાટણના મુખ્ય બુકી ગૌરવ ઉર્ફે ગટી ઠક્કર પાસેથી મેળવ્યા હતા. આ મામલે સ્ટેટ મોનિટરિંગ સેલે ચોક બજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી પાટણના મુખ્ય સૂત્રધાર ગૌરવ ઠક્કરને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ૫,૦૦૦ કરોડના આ મસમોટા જુગારના નેટવર્કમાં હવે

...અનુસંધાન પાના 7 પર


### નીરજે આર્થિક સંકડામણના કારણે સટ્ટા બાજી શરૂ કરી હતી


પકડાયેલો નિરજ ઓનલાઇન ‘મેશો’ (Meesho) અને ‘ફ્લિપકાર્ટ’ (Flipkart) જેવી એપ્લિકેશનોમાં સેલિંગ (વેચાણ) નું કામકાજ કરે છે. તેના મિત્ર વર્તુળમાં રહેલા તેજસ નામના મિત્રએ તેની મુલાકાત ગૌરવ ઉર્ફે જીટી ઠક્કર (રહે. પાટણ) સાથે કરાવી હતી. આ ગૌરવ નામના ઇસમે જ તેને ક્રિકેટ સટ્ટા અંગેની માહિતી અને સટ્ટો રમવા માટેની બે ઓનલાઇન આઇ.ડી. આપી હતી. ઘરમાં આર્થિક સંકળામણ (નાણાકીય તકલીફ) વધી જતાં તેણે ચાલુ વર્ષે આઇ.પી.એલ.-૨૦૨૬ની મેચો શરૂ થઈ ત્યારથી સટ્ટો રમવાનું શરૂ કર્યું હતું.

### નાણાંકીય વહેવાર આંગડિયા પેઢી મારફતે કરાતો હતો

મહિધરપુરાના આંગડિયા મારફતે પૈસાની લેવડ દેવડ થતી તેને બંને આઇ.ડી. અને પાસવર્ડના બદલામાં રૂ. ૧૦-૧૦ હજારની ક્રેડિટ આપવામાં આવી હતી. પ્રથમ આઇ.ડી.: ‘khalifa365.com’ વેબસાઇટ પર ‘AKL101’ નામનું આઇ.ડી. હતું, જેમાં રૂ. ૮,૪૧૦.૬૮નું બેલેન્સ હતું. દ્વિતીય આઇ.ડી. ‘www.betfalsh.com’ વેબસાઇટ પર ‘3371KS’ નામનું આઇ.ડી. હતું, જેમાં રૂ. ૭,૦૩૪.૪૩નું બેલેન્સ હતું. સટ્ટામાં

...અનુસંધાન પાના 7 પર





(તસવીર : હેમંત ડેરે)

**દક્ષિણ ગુજરાત પર પ્રિ-મોન્સૂન મહેરબાન**

# સુરતમાં કાલથી પવન સાથે ભારે વરસાદની આગાહી

**હવામાન** વિભાગે સુરત સહિત 20થી વધુ જિલ્લાઓ માટે યલો-ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં ચોમાસાના સત્તાવાર આગમનને હજુ થોડો સમય બાકી છે, પરંતુ પ્રિ-મોન્સૂન એક્ટિવિટીએ રાજ્યમાં ચોમાસા જેવો માહોલ સર્જી દીધો છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા સાયક્લોનિક સરક્યુલેશન અને ઉપરના સ્તરના પશ્ચિમી પવનોના પ્રભાવને કારણે આગામી 3 જૂન સુધી દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા જાહેર કરાયેલા લેટેસ્ટ બુલેટિન અનુસાર 30 મેથી 5 જૂન દરમિયાન ગુજરાતના અનેક

...અનુસંધાન પાના 7 પર

### માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના

અરબી સમુદ્રમાં હવામાનની સ્થિતિ વધુ ખરાબ બનવાની શક્યતાને ધ્યાનમાં રાખીને માછીમારોને 2 જૂન સુધી દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. સમુદ્રમાં ભારે પવન અને ઊંચા મોજાં ઉછળવાની શક્યતા હોવાથી તમામ બંદરો પર 3 નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવવામાં આવ્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને પણ સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

# ગલુડિયાને બચાવવા કૂતરીએ રથી ૩ કલાક સાપને રોકી રાખ્યો

**કૂતરી** અને નાગ વચ્ચે ચાલ્યો હાઈવોલ્ટેજ ડ્રામા

**ઝઘડિયાના** સર્પપ્રેમીએ સાપને પકડી લેતા કૂતરી શાંત થઇ



ભરૂચઃ ઝઘડિયાના ઉમલ્લા ગામમાં એક માદા શ્વાને પોતાનાં નવજાત બચ્ચાને બચાવવા માટે ઝેરી કોબ્રા સામે કલાકો સુધી મુકાબલો કર્યો હતો.

મળતી માહિતી મુજબ ઉમલ્લા ગામમાં બેંક ઓફ ઈન્ડિયાની સામે આવેલા અંજનાબેન સતીશભાઈ વસાવાના ઘર પાસેની દીવાલ નજીક કૂતરીએ આશરે 15 દિવસ પહેલા બચ્ચાને જન્મ આપ્યો હતો. વહેલી સવારે આશરે 5 વાગ્યે એક ઝેરી કોબ્રા સાપ બચ્ચાંની નજીક આવતાં જ માતા સતર્ક થઈ ગઈ હતી. તેણે

...અનુસંધાન પાના 7 પર

**બ્રાહ્મણ સમાજ પર ટીપ્પણીનો કેસ**

# અનુરાગ કશ્યપને હાજર થવા સુરત કોર્ટનું સમન્સ

**17** જુલાઇએ હાજર રહેવાનો સમન્સ અંધેરીના નિવાસસ્થાને બજવાશે

સુરતઃ બ્રાહ્મણ સમાજ પર કરેલી ટિપ્પણી કેસમાં ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપ સામે ન્યાયિક કાર્યવાહી ચલાવવા માટે કોર્ટે હુકમ કર્યા બાદ ડિરેક્ટર અનુરાગ કશ્યપને કોર્ટ સમક્ષ હાજર થવા માટે કોર્ટે સમન્સ ઈસ્યુ કર્યો હોવાનું એડવોકેટ કમલેશ રાવલે જણાવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે તા.૧૬.૦૪.૨૦૨૫ ના રોજ ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપએ સોશિયલ મીડિયા ઉપર સમગ્ર બ્રાહમણ સમાજને બદનક્ષી લાગે તેવી પોસ્ટ મૂકી હતી. પોસ્ટનો વિરોધ કરનાર સામે પણ અભદ્ર ટિપ્પણી કરી હતી. આરોપીની આ પોસ્ટથી સમગ્ર બ્રહ્મ સમાજનું અપમાન થયું હોય સુરતની કોર્ટમાં એડવોકેટ કમલેશ રાવલે અનુરાગ કશ્યપ સામે ન્યાયિક કાર્યવાહી કરવાની દાદ માંગી હતી. જે કેસમાં કોર્ટે અનુરાગ કશ્યપ વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ-૧૯૬, ૩૫૨, ૩૫૩(૨) મુજબ ન્યાયિક કાર્યવાહી

...અનુસંધાન પાના 7 પર

# ત્યજી દેવાયેલા નવજાતના મૃતદેહને શ્વાન મોંમાં ઉપાડીને ફરતું હતું

**ભરૂચના** મારવાડી ટેકરા ચોક વિસ્તારની ઘટનાથી અરેરાટી

**જનરલ** સ્ટોરના વેપારીએ શ્વાનના મોંમાંથી અર્ધવિકસિત નવજાતનો મૃતદેહ છોડાવ્યો

**પાપીઓને** શોધવા પોલીસે સીસીટીવી ફૂટેજ ફંફોસવાનું શરૂ કર્યું

ભરૂચઃ ભરૂચ શહેરમાં રોટરી ક્લબ પાછળ આવેલા મારવાડી ટેકરા ચોક વિસ્તારમાં એક શ્વાનના મોઢામાં તાજા જન્મેલા નવજાત બાળકનો ત્યજી દેવાયેલો મૃતદેહ જોવા મળતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

ધોળીકુઈ બજાર રાવળીયાવાડ ટેકરા ખાતે રહેતા અને મારવાડી ટેકરા ચોક પાસે જનરલ સ્ટોર ચલાવતા મુનાફ અબ્દુલ રહેમાન સૈયદ પોતાના ધંધા પર હાજર હતા. ત્યારે તેમણે એક શ્વાનને મોંમાં કંઈક દબાવી રોટરી ક્લબ તરફથી આવતો જોયો હતો. શ્વાન નજીક આવતાં વેપારીની નજર પડતાં તેમણે શ્વાનને ભગાડ્યો હતો. ત્યારબાદ જોતાંની સાથે જ તેમના હોશ ઊડી ગયા હતા. શ્વાનના મોંમાં એક તાજા જન્મેલું નવજાત બાળક હતું. આ બાળક અર્ધવિકસિત હાલતમાં મૃત હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતા. નિર્દોષ જીવને જન્મ મળતાંની સાથે જ ત્યજી દેવાયો હોવાની આશંકાએ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી.

...અનુસંધાન પાના 7 પર

# લિંગ મોટું કરવા ઓનલાઈન દવા મંગાવનાર યુવક છેતરાયો

**99** રૂપિયામાં ઓફર જોઇ વાંસદાના યુવકે ઓર્ડર આપ્યો

**જો** કે અન્ય ચાર્જ બતાવી 2000 વસૂલ્યા પછી પણ દવા નહીં આવતા ફરિયાદ

વાંસદાઃ સોશિયલ મીડિયામાં આવતી આકર્ષક અને લોભામણી જાહેરાતોના જાળમાં ફસાઈ વાંસદાના એક યુવક સાથે ઓનલાઈન છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. યુવકે સોશિયલ મીડિયા પર જાહેરાત જોઈને પ્રાઈવેટ પાર્ટ મોટું કરવાની દવાનો ઓનલાઈન ઓર્ડર આપ્યો હતો, પરંતુ બાદમાં તેની સાથે છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ વાંસદાના એક યુવકે સોશિયલ મીડિયામાં જાહેરાતમાં આપેલી લિંક મારફતે રાહુલ યાદવ નામના યુવક પાસેથી પ્રાઈવેટ પાર્ટ મોટું કરવાની ઓનલાઈન દવા મંગાવી હતી. શરૂઆતમાં 99 રૂપિયાની ઓછી કિંમત બતાવી ઓનલાઈન 2000 રૂપિયા ટ્રાન્સફર કરી ઓર્ડર કન્ફર્મ કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યારબાદ ફ્રોડ ઈસમ દ્વારા વિવિધ ચાર્જ, રજિસ્ટ્રેશન ફી અને અન્ય બહાના હેઠળ વધુ રકમની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ તમારું

...અનુસંધાન પાના 7 પર


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**


| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦





૧૬મી પુણ્યતિથિએ
શ્રદ્ધાસુમન
સ્વ. રમણભાઈ સુખાભાઈ પરમાર
સ્વ.તા. ૩૧-૦૫-૨૦૧૦

રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
પળભરમાં છેતરી ગયા અમને. હસમુખો ચહેરો,
માયાળુ - ઉદાર સ્વભાવ, સૌમ્ય વ્યકિતત્વ સદાય યાદ રહેશે
અમોને, ઇશ્વરને પુછીશું અમે કે જેની જરૂર હતી અમારે
તેની તમારે શી જરૂર પડી?
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.શોકાતુર
અનિલભાઈ (ઈશ્વરભાઈ) રમણભાઈ પરમાર
(ધારાસભ્યશ્રી અને માજી કેબીનેટ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)
હર્ષદભાઈ રમણભાઈ પરમાર
તથા સમસ્ત પરમાર પરિવાર, બાબેન - બારડોલી





પ્રથમ પૂણ્યતિથિએ
...શ્રદ્ધાંજલિ...
સમજવી કઠીન છે આ સંસારની માયા
અમર નથી રહેતી કોઈ જીવનની કાયા,
રહે મૃત્યુબાદ સ્મરણોંની છાયા,
લાગણીનાં હૃદય ભીના હેત તણા ઓછાયા,
કેમ કરીને જાય મનમાંથી આપની છાયા.
પ્રભુ આપનાં દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. કલ્પેશભાઈ ઈશ્વરભાઈ પટેલ
સ્વ.તા. ૩૧-૫-૨૦૨૫
૫૬, કોળીવાડ, વરિયાવ, સુરત

લિ.
ઈશ્વરભાઈ રણછોડભાઈ પટેલ (પિતા)
ઉષાબેન ઈશ્વરભાઈ પટેલ (માતા)
પાર્થ કલ્પેશભાઈ પટેલ (પુત્ર)
પ્રથમ કલ્પેશભાઈ પટેલ (પુત્ર)
નીતાબેન પટેલ
અંશ એન. પટેલ
ચાર્મી એન. પટેલ
તથા સમસ્ત પરિવાર





પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી
સંઘર્ષ તમે કર્યો, સુખ અમને આપ્યું, દુઃખ તમે સહન કર્યું, હાસ્ય અમને આપ્યું. આપનો પ્રેમ ત્યાગ અને આશીર્વાદ આજે પણ જીવનમાં પ્રેરણા આપે છે. આપ ભલે નજરોથી દૂર છો પણ હૃદયથી ક્યારેય દૂર નથી. ઈશ્વર આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે.

સ્વ. હસમુખભાઇ લલ્લુભાઇ પટેલ
જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૩
સ્વ. તા. ૩૧/૦૫/૨૦૨૫
શનિવારને માગશર સુદ પાંચમ

લી. નયનાબેન હસમુખભાઈ પટેલ
પિંકલભાઈ હસમુખભાઈ પટેલ
યક્ષેશભાઈ હસમુખભાઈ પટેલ
દિશાબેન પિંકલભાઈ પટેલ
સરનામું: મંદિર મહોલ્લો, સરસાણા ગામ, સુરત